# 1. રજા અંગેની જાણકારી

## ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ના વિનિયમ નં. 29 અને 30

## ગેરહાજરી વિનિયમ-29

### રજાઓ : માધ્યમિક શાળાના કર્મચારીઓ માટે

| રજાનો પ્રકાર | કોને મળી શકે ? | કોણ મંજૂર કરી શકે ? | કેટલી મળી શકે ? | કેટલી ભોગવી શકાય | ભોગવવાનું કારણ | વિશેષ નોંધ : |
|---|---|---|---|---|---|---|
| 1. પરચૂરણ રજા (સી.એલ.) (પ્રાસંગિક રજા) | બધા જ પ્રકારના હંગામી. અજમાયશી કાયમી શિક્ષક, બિનશિક્ષક, કર્મચારીઓને 30 (2) 30 (9) (ક) | શાળાના આચાર્ય 30 (2) (ક) | પૂરા શૈક્ષણિક વર્ષમાં 15 વિનિયમ 30 (2) (ક) | 15 દિવસ | પ્રસંગોપાત (આકસ્મિક) નં. 5 અડધા દિવસની સી.એલ. મળી શકે છે. નં. 6 પ્રાસંગિક રજાના વચ્ચે આવતા રવિવાર અને રજાના દિવસો સી.એલ. ગણાય. | 1. એકી સાથે ૩થી વધુ નહિ. અપવાદરૂપ 10 દિવસ સુધી<br>2. બેથી વધુ રજાઓ આગળ કે પાછળ જોડી શકાય નહિ.<br>3. આચાર્યની રજા સિવાય વેકેશન સાથે જોડી શકાય નહિ. |
| સ્પે.સી.એલ. | પેપર સેટર, મોડરેટર, પરીક્ષક, | આચાર્ય 30 (2) (7) | 15 | | | |
| ડી.એલ. | પરીક્ષા-સંચાલક સુપરવાઈઝર | આચાર્ય 30 (2) (7) | | | | |
| 2. અર્ધપગારી રજા | માત્ર કાયમી કર્મચારીને વિનિયમ 30 (3) | શાળાના સંચાલક મંડળ 15 દિવસ સુધી શાળાના આચાર્ય મંજૂર કરી શકે. | પૂરા શૈક્ષણિક વર્ષમાં 20 દિવસની અર્ધપગારી 10 દિવસની પૂરી રજા. | એકી સાથે 120 દિવસ અર્ધપગારી 60 દિવસની વિ.30(3)(ક)(ખ)(ગ) | 1. દાક્તરી પ્રમાણપત્રને આધારે<br>2. ખાનગી કામ માટે. | |
| 3. રૂપાંતરિત રજા (કોમ્યુટેડ લિવ) | માત્ર કાયમી કર્મચારીને | શાળાના સંચાલક મંડળ | જેટલી અર્ધપગારી રજા જમા હોય તેનાથી અડધી જે એકી સાથે ભોગવી શકાય. | ઓછામાં ઓછા 7 દિવસ | 1. આધારિત સભ્યની માંદગી પ્રસંગે<br>2. અંગત કારણસર<br>3. માન્ય અભ્યાસ માટે 180 દિવસથી વધુ નહિ. | 1. નોકરીના સમગ્ર સમય દરમિયાન 240<br>2. હક રજાઓ સાથે ભેગી કરીને એકી સાથે<br>3. કર્મચારી પાછા નોકરીમાં આવશે એમ માનવાના કારણે. |

| રજાનો પ્રકાર | કોને મળી શકે ? | કોણ મંજૂર કરી શકે ? | કેટલી મળી શકે ? | કેટલી ભોગવી શકાય | ભોગવવાનું કારણ | વિશેષ નોંધ : |
|---|---|---|---|---|---|---|
| 4. અસાધારણ રજા | કાયમી તથા હંગામી કર્મચારીને મળે. | શાળા સંચાલક મંડળ 15 દિવસ સુધી શાળાના આચાર્ય | વધુમાં વધુ 36 માસ | વધુમાં વધુ 36 માસ, કાયમી હોય તેવા કર્મચારીને એકી સાથે ટી.બી. (360 દિવસ) અન્ય કારણે 4 માસથી વધુ નહિ. | અન્ય રજા મળવાપાત્ર ન હોય ત્યારે | 1. રજા વગરની ગેરહાજરીને અસાધારણ<br>2. આ રજાઓનો પગાર મળશે નહિ. |
| 5. પ્રસૂતિરજા (મેટરનિટી લિવ) | એક વર્ષથી ઓછી નહિ તેવી સળંગ નોકરી હોય તેવા સ્ત્રીકર્મચારીને પ્રસૂતિ, કસૂવાવડ, ગર્ભપાતના પ્રસંગે વિનિયમ 30(6)(6) | શાળા સંચાલક મંડળ | રજાની શરૂઆતથી 135 દિવસ સુધી | 135 દિવસ સુધી | પ્રસૂતિ-કસૂવાવડ-ગર્ભપાતના કિસ્સાઓમાં<br>પ્રસૂતિ રજાને રજાના હિસાબ ખાતે ઉધારવામાં આવતી નથી. વિનિયમ 30(6) વિનિયમ 31 | 1. એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેવી મહિલા<br>2. એક વર્ષની નોકરી પૂરી કરી હોય તેને અર્ધપગારે આ રજાઓ મળે. વિનિયમ 30(6) (ક)<br>3. બે વર્ષની નોકરી પૂરી કરી હોય તેને પૂરા પગારે મળે.<br>4. બે જ વખત પ્રસૂતિની રજાઓ મળી શકે. વિનિયમ 30(6) (ચ)<br>5. હંગામી કર્મચારીને પણ મળી શકે છે. વિનિયમ 30(9) |
| 6. હક રજા (અર્નલિવ) | વેકેશનમાં કામ કર્યું હોય તેવા કાયમી શૈક્ષણિક કર્મચારીને, તેમજ બધા પ્રકારના હંગામી | *શાળા સંચાલક મંડળ *15 દિવસ સુધીની આચાર્ય | શિક્ષક કર્મચારીને શૈ.વર્ષમાં વધુમાં વધુ 30 દિવસની મર્યાદામાં વેકેશનમાં કામ કર્યું હોય તેટલા દિવસની | | અંગત કારણોસર, તબીબી પ્રમાણપત્રના આધારે | 1. હક રજાઓ ભોગવી ન હોય તો જમા થઈ શકે.<br>2. 300 દિવસની હક રજા જમા થઈ ગયા પછી કર્મચારીની નવી હક રજાઓ જમા થઈ ન શકે. વિનિયમ 30(7)(ક)(ખ) |

**નોંધ : લઘુમતી શાળાઓના કર્મચારીઓને ગ્રાન્ટ-ઈન-એઈડ કોડના રજા નિયમો લાગુ પડે છે.**